# કૃષિ મહોત્સવ વિકાસ ઉત્સવ બની ગયો છે : વિજય રૂપાણી

## ડાંગના દક્ષિણ ગુજરાત પ્રદેશના કૃષિ મહોત્સવનો રૂપાણી દ્વારા પ્રારંભ : આધુનિક ખેતી-વીજળનું આયોજન કરાયું

અમદાવાદ, તા. ૨૬

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વનવાસી ક્ષેત્ર ડાંગમાં દક્ષિણ ગુજરાત પ્રદેશના કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવતા ડાંગના માજી રાજવીઓ, નાયકો ભાઉબંધોને સરકાર દ્વારા આપવામાં આવતા રાજકીય પેનશન (સાલીયાણા)ની રકમમાં વધારો કરવાની નેમ વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીએ કૃષિ મહોત્સવ આરંભ સાથે ડાંગમાં વિકાસ પર્વ રુપે રૂપિયા ૧૮૮ કરોડથી વધુ રકમના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમૂર્હૂત સંપન્ન કર્યા હતા. તેમણે કહ્યું કે કુદરતી સૌંદર્ય અને વિપૂલ વનસંપદા ધરાવતા આ વન પ્રદેશના વન, વન્યજીવોના સંરક્ષણ તથા સંવર્ધન માટે સતત જાગૃત વનવાસી બંધુઓની સમસ્યાઓ પ્રશ્નોનું ત્વરિત નિવારણ લાવવા સરકાર પ્રતિબદ્ધ છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું હતું કે, સાપુતારાના વિસ્થાપિતોના પ્રશ્નોનો કાયમી ઉકેલ આવે તે માટે અંદાજે ૫૦ કરોડ રૂપિયા જેટલી રકમ ફાળવીને રોજગાર વ્યવસાય સહિતના આગવા આયોજન અંગે રાજ્ય સરકાર વિચારાધીન છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આદિજાતિ વિસ્તારોમાં આધુનિક ખેતી અને સિંચાઈ, વીજળી, પીવાના પાણીની જરૂરિયાતો પૂર્ણ કરવાના સઘન કામો આ સરકારે ઉપાડ્યા છે. તેમણે વનવાસી ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા ઓર્ગેનિક જિલ્લા તરીકે પ્રસ્થાપિત કરવાની નેમ સાથે ડાંગ જેવા વનવાસી-ડુંગરાળ વિસ્તારની તમામ જમીન પિયતયુક્ત બને તે માટે વિશેષ લક્ષ્ય કેન્દ્રિત કરવામાં આવ્યું છે તેની ભૂમિકા આપી હતી. ગ્રામ્ય વિસ્તારમાં વાડાની જમીન તેનો ભોગવટો ધરાવનાર માલિકના નામે કરવાની દિશામાં રાજ્ય સરકાર પ્રજાભિમુખ અભિગમ સાથે આગળ વધી રહી છે તેમ જણાવી મુખ્યમંત્રીએ ખેડૂતોની સમૃદ્ધિ માટે વીજળી અને પાણીની બાબતે પણ આ સરકાર સંવેદનશીલતા સાથે કાર્ય કરી રહી હોવાનું જણાવ્યું હતું. વિજય રૂપાણીએ રાજ્યમાં ગૌરક્ષાના કાનૂનને વધુ ધારદાર બનાવવાની સાથે, રાજ્યના તમામ વિસ્તારોમાં દૂધ અને ઘીની નદીઓ વહે તે માટે ગૌનસ્લ સુધારવા ક્ષેત્રે પણ અસરકારક કામગીરી હાથ ધરાઈ હોવાનું જણાવ્યું હતું. તેમણે ગુજરાતની ભાવિ પેઢીને નશાની પાયમાલીથી બચાવવા માટે ગુજરાત સરકારે નશાબંધી કાયદામાં પણ કડક આમૂલ પરિવર્તન કર્યા હોવાનું જણાવ્યું છે. હાલમાં જ ખાનગી શાળાઓ માટેના ફી નિયમનના કાયદાના અસરકારક અમલીકરણ માટે સરકારની પ્રતિબદ્ધતા તેમણે દોહરાવી હતી. શોષિત, પીડિત, વંચિત અને ગરીબ વર્ગ માટે રાજ્ય સરકાર હંમેશા પ્રજાભિમુખ અભિગમ સાથે આગળ વધી રહી છે તેમ જણાવી વિજય રૂપાણીએ માનવીઓ સહિત રાજ્યના પશુધન માટે પણ આ સરકારે સંવેદના દર્શાવી છે તેમ જણાવ્યું હતું.

# સરઢવ ગામે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ૪૦૯૧ અરજીઓનો નિકાલ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાનાં સરઢવ ગામે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી અશોક પટેલે સેવાસેતુ કાર્યક્રમના આયોજન અંગે વિવિધ વિભાગોમાં ફરીને અરજદારો માટે કેમ્પ, મેડીકલ ચેકઅપ અને આર્યુવેદિક કેમ્પનો ગ્રામીણ અરજદારોએ વિશાળ સંખ્યામાં



સરઢવ સહિત રૂપાલ, રાંધેજા, જલુન્દ, કોલવડા, વાસણ, પીપળજ, ઉનાવા, પીંઢારડા ગામનાં અરજદારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી સેવાસેતુ કાર્યક્રમનો લાભ લીધો હતો. સેવાસેતુ કાર્યક્રમમાં ૪૦૯૧ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો.

જિલ્લા કલેકટર શ્રી સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી. દેસાઇ, ગાંધીનગરનાં ઉભી કરાયેલ વ્યવસ્થા નિહાળી હતી. આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે નવ ગામનાં ૭૦૦૦ ખેડૂત ખાતેદારોને ૭-૧૨ અને ૮ – અ ના ઉતારાઓ વિના મુલ્યે આપવામાં આવ્યા હતાં. આ ઉપરાંત લાભાર્થીઓને મુખ્યમંત્રીશ્રી મા વાત્સલ્ય યોજનાના કાર્ડનું વિતરણ કરવામાં આવ્યુ હતું. સેવાસેતુ કાર્યક્રમમાં યોજાયેલ પશુ સારવાર લાભ લીધો હતો. અતિશય ગરમીના દિવસોમાં અરજદારો માટે પાણી અને છાશની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર મામલતદાર શ્રીઅમિતભાઇ જોષી, સરઢવ ગામનાં સરપંચ શ્રીમતી ઉષાબેન પટેલ સહિત જિલ્લાનાં વિવિધ વિભાગોનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# રાજદ્રોહ કેસમાં ચિરાગ પટેલ સામે બિનજામીનપાત્ર વોરંટ

## સામાજિક પ્રસંગમાં હોવાનું કહીને કોર્ટ સમક્ષ હાજર નહી રહેતાં કોર્ટે ગંભીર નોંધ લીધી : આરોપીના વર્તનની ટીકા

અમદાવાદ, તા. ૨૬

પાટીદાર અનામત આંદોલનના ઓઠા હેઠળ રાજય સામે યુધ્ધે ચડવાના અને હિંસા અને ઉશ્કેરણી કરવાના રાજદ્રોહના કેસમાં પાટીદાર નેતા હાર્દિક પટેલના સાથી ચિરાગ પટેલ વિરૂધ્ધ આજે સેશન્સ કોર્ટે નોન બેલેબલ વોરંટ (બિનજામીનપાત્ર વોરંટ) જારી કરાયું હતું. રાજદ્રોહના કેસની આજે સેશન્સ કોર્ટમાં મુદત હતી, જેમાં આરોપી હાર્દિક પટેલ સહિતના આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર રહ્યા હતા પરંતુ આરોપી ચિરાગ પટેલ કોર્ટ સમક્ષ હાજર રહ્યો ન હતો અને તેના તરફથી સામાજિક પ્રસંગમાં ગયા હોવાથી કોર્ટ સમક્ષ હાજર નહી રહી શકયા હોવાનું કારણ અપાયુ હતું, જો કે, એડિશનલ સેશન્સ જજ એસ.એચ.વોરાએ આરોપીની વર્તણૂંકની ગંભીર નોંધ લીધી અને તીખી આલોચના કરી હતી. કોર્ટે આરોપી ચિરાગ પટેલ વિરૂધ્ધ નોન બેલેબલ વોરંટ જારી કર્યું હતું અને કેસની વધુ સુનાવણી તા. ૨૯મી મેના રોજ રાખી હતી. પાટીદાર અનામતની માંગણી સાથે પાટીદાર નેતા હાર્દિક પટેલ દ્વારા ગત તા. ૨૫-૫-૨૦૧૫ના રોજ શહેરના હેલ્મેટ સર્કલ પાસે જીએમડીસી ગ્રાઉન્ડ પાસે ક્રાંતિ સંમેલન યોજી વિશાળ રેલી યોજવામાં આવી હતી, એ વખતે હાર્દિક સહિતના પાટીદાર અગ્રણીઓએ ઉશ્કેરણીજનક ભાષણો કર્યા હતા. બાદમાં પોલીસે સમગ્ર મામલામાં ગંભીર નોંધ લઇ રાજય વિરૂધ્ધ યુધ્ધે ચડવાનો રાજદ્રોહનો કેસ દાખલ કર્યો હતો. પોલીસે હાર્દિક પટેલ, તેના સાથીઓ દિનેશ ભાંભણીયા (પટેલ), ચિરાગ પટેલ, કેતન પટેલ, અમરીષ પટેલ અને અલ્પેશ કથીરીયા વિરૂધ્ધ રાજદ્રોહનો કેસ દાખલ કરી તેનું ચાર્જશીટ મેટ્રોપોલીટન કોર્ટમાં રજૂ કર્યું હતું. બાદમાં આખોય કેસ સેશન્સ કોર્ટમાં કમીટ કરાયો હતો. હાલ સેશન્સ કોર્ટમાં હાર્દિક પટેલ સહિતના આરોપીઓ વિરૂધ્ધનો રાજદ્રોહનો ખૂબ જ સંવેદનશીલ એવો આ કેસ ચાર્જફ્રેમના તબક્કે પડતર છે અને તેની સુનાવણી ચાલી રહી છે.

# સહરાનપુર ઘટના મામલે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિએ આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા. ૨૬

ઉત્તરપ્રદેશના સહરાનપુરમાં તાજેતરમાં દલિતો ઉપર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. તેના



સંદર્ભે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ અને અનુસૂચિત સેલ દ્વારા રાષ્ટ્રપતિ અને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં દલિત સમાજે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

ઉત્તરપ્રદેશના સહરાનપુરમાં દલિતો પર તાજેતરમાં હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં આ ઘટના છેલ્લા ૨૦ દિવસોથી ચાલી રહી છે. તેમાં અનેક દલિત ઘરો સળગાવી દેવામાં આવ્યા હતા સાથે બે દલિતની હત્યા થઈ હતી. સાથે ૧૯ લોકો ગંભીર રીતે ઘવાયા હતા. આ ઘટનાના પડઘા રાજ્યમાં અને દેશમાં પડ્યા છે ત્યારે અત્યાર સુધીમાં ૩૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સાથે ઈજાગ્રસ્તોને સરકાર દ્વારા કોઈપણ સહાય આપવામાં આવી નથી. જેના પગલે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ઉત્તરપ્રદેશ સહરાનપુરના દલીતો માટે ઘટનાના ભોગ બનેલા પરિવારજનોને વળતર, પુનઃ વસવાટ, રક્ષણ આપવુ, વિજીલન્સ મોનીટરીંગ કમિટી રચવી, ગુનેગારોને સજા કરવી, એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરવી અને ભવિષ્યમાં આવી ઘટના ના બને તે માટે યોગ્ય પગલા લેવા તેવી માંગ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ અને અનુસુચિત સેલ દ્વારા સહરાનપુર ઘટના બાબતે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી પોતાનો રોષ વ્યક્ત કર્યો છે.

# વિકાસલક્ષી-ગરીબલક્ષી ત્રણ વર્ષ પૂર્ણ થયા : જીતુ વાઘાણી

અમદાવાદ, તા. ૨૬

પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ સમગ્ર વિશ્વમાં ભારત દેશને માન, સન્માન અને ગૌરવ અપાવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના ત્રણ વર્ષના સ્વર્ણીમ, વિકાસલક્ષી અને ગરીબલક્ષી કાર્યકાળ માટે કેન્દ્ર સરકારને લાખ-લાખ અભિનંદન પાઠવ્યા હતા. વાઘાણીએ જણાવ્યું હતું કે, એક ભારત-શ્રેષ્ઠ ભારતના સુકાની અને સૌના સાથ-સૌના વિકાસના દ્રષ્ટા વડાપ્રધા નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ ત્રણ વર્ષના કાર્યકાળ દરમિયાન ઘણા બધા મોટા નિર્ણયો-કડક નિર્ણયો લેવાયા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સત્તાના કુસાન સંભાળતાની સાથે જ જન ધન યોજનાથી લઈને ઉડાન યોજના સુધી ઘણી બધી યોજનાઓ અમલમાં મુકી છે.

વાઘાણીએ વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, કાળા ધન અને ભ્રષ્ટાચારને ખતમ કરવા નોટબંધીનો ઐતિહાસિક નિર્ણય, બેનામી મિલકતો પર કડક કાયદો, સર્જિકલ સ્ટ્રાઈકથી આતંકવાદને જડબાતોડ જવાબ, દાયકાથી વિલંબીત ઓઆરઓપીની માંગ પૂર્ણ કરવાની પહેલ, એક સમાન ટેક્સ વ્યવસ્થા માટે જીએસટી પર સર્વસંમતિ, જનધન ખાતા થકી ૨૮ કરોડ ગરીબોનો બેંક સાથેનું જોડાણ, ૭.૫ કરોડ કરીબોને મુદ્રા લોનની સહાય, ૨ કરોડ કરતા વધારે ગરીબ મહિલાઓને ઉજ્જવલા યોજના થકી ગેસ કનેક્શન, સસ્તી દવાઓ માટે જન ઔષધી કેન્દ્રો, કોલસા-સ્પેક્ટ્રમ-એફએમ અને પર્યાવરણના વિષયોમાં પૂર્ણ પારદર્શકતા, ગ્રેડ-૩ અને ગ્રેડ-૪ની નોકરીઓમાં ઈન્ટરવ્યુ પ્રથાનો અંત, વંચિત અને શોષિત સમાજને પોતાની જમીનનો હક્ક મળી રહે તે માટેનું કાર્ય, દિવ્યાંગોને નવીન અવસરોના માધ્યમ વડે નવી તકો, જન ભાગીદારી થકી સ્વચ્છ ભારત અભિયાન, વીઆઈપી કલ્ચરનું સમાપન, કેશ-લેસ ટ્રાન્ઝેક્શનને અણધાર્યો પ્રતિસાદ, મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમને વિશ્વભરમાં મળી રહેલી ઓળખ, વિશ્વભરમાં ઉત્સાહથી ઉજવાતો યોગ દિવસ, અંતરીક્ષ ક્ષેત્રે ભારતને મળી રહેલી અભૂતપૂર્વ સફળતા જેવી બાબતોથી દેશના તમામ ક્ષેત્રો અને દેશના તમામ નાગરિકોને વિકાસની પ્રક્રિયામાં જોડ્યા છે.



**કોંગ્રેસે મોદી પાસે ‘હિસાબ દો જવાબ દો’ કહી ધરણા યોજ્યા**

કેન્દ્ર સરકારમાં ભાજપ સરકારના શાસનની નિષ્ફળતાના ત્રણ વર્ષ પૂર્ણ થતાં ચૂંટણી પહેલા નરેન્દ્ર મોદીએ તથા ભાજપ દ્વારા લોકોને આપવામાં આવેલા ખોટા વચનો અને વાયદાઓનો જવાબ તથા હિસાબ માંગવા માટે ગાંધીનગર શહેર/જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા સત્યાગ્રહ છાવણી, સે. ૬ ગાંધીનગર ખાતે આજરોજ ‘જવાબ દો હિસાબ દો’ ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. ભાજપ સરકાર દ્વારા ચૂંટણી પહેલા લોકોને આપવામાં આવેલા વચનો ભાજપ સરકારના શાસનના ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ પણ આપવામાં આવેલા વચનો કે વાયદાઓ પુરા કરવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ રહી છે. આ ધરણાના કાર્યક્રમમાં ગાંધીનગર યુથ કોંગ્રેસના પ્રમુખ ભાવેશ દેસાઈ તથા પ્રદેશ યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ જીતુ રાયકા તથા પ્રભારી સમસાદઅલી સૈયદ તથા શહેર કોંગ્રેસ પ્રમુખ કૌશીકભાઈ શાહ તથા યુનુસ પરમાર, એહમદ મનસુરી, અશોકજી ઠાકોર, મેહુલ રાઠોડ, મિહીર પટેલ અંકિત બારોટ, જયરાજસિંહ વાઘેલા, હર્ષજીત પંડ્યા, મેહુ પટેલ, મેરૂજી ચાવડા, તેજાભાઈ દેસાઈ, રાકેશ જાની વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ૩ વર્ષમાં મોદી સરકારના ૩૦ તિકડમ છે : ગેહલોત

અમદાવાદ, તા. ૨૬

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના ત્રણ વર્ષની ૩૦ તિકડમ નિષ્ફળતા પત્રકાર પરિષદમાં ખુલ્લી પાડતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી, રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી તથા ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોતે જણાવ્યું હતું કે, ભાજપ સરકારના ત્રણ વર્ષનો સાર ખોટી વાહ-વાહ, વાકડંબર અને વાણી વિલાસ એટલો જ છે.

નરેન્દ્ર મોદી સરકારના ત્રણ વર્ષ એટલે વચન ભંગ અને પુરા નહીં થયેલા સપના. એટલે જ સરકાર તેની આ નિષ્ફળતાની ઉજવણી પાછળ રૂપિયા ૨૦૦૦ કરોડ ખર્ચ કરી રહી છે. ભાજપના ત્રણ વર્ષના શનસમાં મિડિયા મેનેજમેન્ટ, પ્રચાર, વારંવાર કહેવાયેલી વાતો અને જુની યોજનાઓના નવા પર્યાયો સફળ બની રહ્યા છે મોદી સરકારના ત્રણ વર્ષને એક જ વાક્યમાં આ રીતે વર્ણવી શકાય મેરા ભાષણ હી મેરા શાસન હૈ.

### અટકળોનો દોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળવા આવ્યા હતા. તેમની સાથે ચૂંટણીની રણનીતિને લઈ ઘણી બધી વાતો થઈ છે.

શંકરસિંહ વાઘેલાએ પણ કહ્યુ હતુ કે ગઈરાત્રે જ તેઓ આવવા માગતા હતા પરંતુ મે જ સવારે જમવા માટે તેમને નિમંત્ર્યા હતા.

જે અટકળો રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે તેને લઈ બાપુએ જણાવ્યું હતું કે હું કોઈ ભાજપના નેતાને મળ્યો નથી કે કોઈ વાત કરી નથી. હું કોંગ્રેસમાં જ છુ. કેટલીક વાતો અંગે કરાયેલા સવાલોના ઉત્તરમાં તેમણે કહ્યુ હતુ કે કામતના કહેવાથી જ સભ્યોને મેં મારા નિવાસસ્થાને બોલાવ્યા હતા અને તે બેઠકમાં હુ હાજર ન હતો.

તેમણે એમ પણ જણાવ્યુ કે વડોદરાના પોસ્ટર અંગે મેં પોલીસને તપાસ કરવા સામે ચાલીને કહ્યુ છે. અમદાવાદના પોસ્ટર અંગે પણ મેં ફરિયાદ કરી છે.

મહેન્દ્રસિંહને અહમદ પટેલની મુલાકાત અંગે સ્પષ્ટતા કરતાં તેમણે કહ્યુ હતુ કે કોલેજના કામ માટે તેઓ દિલ્હી ગયા હતા અને ત્યાં અમારા સંબંધોને લઈ મળ્યા હતા બાકી કંઈ નથી.

મહેન્દ્રસિંહ જોડાઈ જશે તેવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યુ હતુ કે આપણા ગુજરાતમાં એવુ નથી બાકી કૃપલાણીના પરિવારનો દાખલો તેમણે ટાંક્યો હતો.

જો કે પાટનગરના રાજકીય વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે બાપુએ એન્ટોની કમિટીની ભલામણોના અમલની વાત આગળ કરી પોતાની કેટલીક વાતો શરતો સાથે ગેહલોતને જણાવી હતી.

તો સામે પક્ષે પણ ગેહલોતે ૧૦૫ બેઠકોના ટાર્ગેટની વાત કરી હતી જે સ્વીકારવા કહ્યુ હોવાનું મનાઈ રહ્યું છે. તો બાપુએ પણ સામે રાજકીય દાવ ખેલી અને કોંગ્રેસના કોઈ નેતાની પછી અડચણો તે સાંખી લેશે નહિ તેવી વાત કહી હોવાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

જો કે હાલ તુરત તો ગેહલોતે બાપુ જાય છે તે વાત પર પડદો પાડવામાં સફળ રહ્યા છે. હવે તેઓ દિલ્હી જઈ પોતાનો અહેવાલ પક્ષના હાઈકમાન્ડ સમક્ષ રજુ કરશે અને તે પછી પક્ષનું મોવડીમંડળ કેવી રીતે આગળ વધે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

### પુલનું લોકાર્પણ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આના કારણે આસામ અને અરૂણાચલ વચ્ચે અંતર ૧૬૫ કિલોમીટર સુધી ઘટી જશે. આ ઉપરાંત અવરજવરમાં પાંચ કલાકનો સમય લાગશે. જાણકાર લોકો માને છે કે ચીનને ધ્યાનમાં લઈને આ પુલ ખાસ મહત્વ ધરાવે છે. ૧૯૬૨ના યુદ્ધ વખતે અરૂણાચલ સરહદની નજીક સેનાના હથિયારો અને બીજા સાધનોને પહોંચાડી દેવામાં ભારે તકલીફ થઈ હતી.

હવે પુલ બની ગયા બાદ તેના પરથી ભારે ટેન્ક અને હથિયારો સરળતાથી પસાર થઈ શકે છે. આ પુલનુ નિર્માણ ૨૦૫૬ કરોડમાં કરવામાં આવ્યુ છે. આ પુલના નિર્માણ બાદ સદિયાથી ઢોલા સુધીની યાત્રા માત્ર ૬૦ મિનિટમાં કરી શકાય છે. આના કારણે આસામ અને અરૂણાચલ પ્રદેશ વચ્ચેના વેપારને અનેક ગણો વધારી દેવામાં મદદ મળશે. અન્ય સામાન્ય લોકોને ફાયદો થશે. જાણકાર લોકો માને છે કે આ પુલ આવનાર સમયમાં ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે. સામાન્ય લોકોને પણ ખૂબ મોટી રાહત થશે. દરરોજ માત્ર ડિઝલની બચતથી જ આ વિસ્તારના લોકોના ૧૦ લાખ રૂપિયા બચી જશે. લોકોની જીવન ગુણવત્તામાં સુધારો થશે. બ્રીજ બની ગયા બાદ ખેડૂતોની આવકમાં પણ વધારો થશે. તેમની કમાણીમાં વધારો થશે. મોદીના કહેવા મુજબ આ બ્રિજ માત્ર પૈસા અને સમય જ બચાવશે નહીં બલ્કે અર્થક્રાંતિ લઈને આવશે.

### આવકમાં વધારો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષના ગાળામાં દેશની રાજનીતિ બદલાઈ ગઈ છે. જનતાનો વિશ્વાસ વધ્યો છે. અમિત શાહે કહ્યું હતું કે તેઓએ જે કંઈપણ વચન આપ્યા હતા તે પૂર્ણ થઈ રહ્યા છે. મોદી સરકારના ત્રણ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સરકારના અપાયેલા નવા નારા સાથ હૈ વિશ્વાસ હૈ, હો રહા હૈ વિકાસનો ઉલ્લેખ કરીને શાહે કહ્યું હતું કે સરકારે દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી છે. જાતિવાદ, પરિવારવાદને ઉખાડી ફેંકવામાં સફળતા મળી છે. આ પ્રકારના દુષણો મોદી સરકારના ગાળામાં દુર થઈ ચુક્યા છે. મોદી સરકારની સિદ્ધિઓની વાત કરતા શાહે કહ્યું હતું કે વન રેન્ક વન પેન્શન પર સરકારે જવાનોને આપવામાં આવેલ વચન પૂર્ણ કર્યું છે. અંતરિક્ષના ક્ષેત્રમાં ભારતે મોટી સિદ્ધિ હાંસલ કરી છે. મોદી સરકાર નિર્ણય લેનાર સરકાર છે. સર્જિકલ સ્ટ્રાઈક કરીને વિરોધીઓને કઠોર સંદેશો પણ અપાયો છે. બ્લેક મની પર બ્રેક મુકવા માટે સરકારે નોટબંધી જેવો કઠોર નિર્ણય લીધો હતો. મોદી સરકારે ચૂંટણીમાં કાળા નાણાને રોકવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ કરી છે. શાહે એમ પણ કહ્યું હતું કે બેનામી સંપત્તિની સામે સરકાર દ્વારા ખૂબ કઠોર પગલાં લેવાયા છે. ૧૫ હજાર કરોડની બેનામી સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. જીએસટી કાનૂન બનાવવામાં આવ્યા છે. જીએસટીને અમલી બનાવવાની દિશામાં તમામ કામગીરી પૂર્ણ થઈ ચુકી છે. જીએસટી પહેલી જુલાઈથી અમલી બનનાર છે. શાહે કહ્યું હતું કે દરેક વર્ગનો વિકાસ થઈ રહ્યો છે. મોદી સરકારે કરોડો પછાત લોકોને સન્માન અપાવવાનું કામ કર્યું છે. કરોડો દિવ્યાંગોને સન્માન અપાયું છે. દેશની મજબૂત અર્થ વ્યવસ્થાનો ઉલ્લેખ કરતા અમિત શાહે કહ્યું હતું કે આજે ભારત દુનિયાના સૌથી ઝડપથી આગેકૂચ કરનાર અર્થતંત્ર તરીકે છે. આઈએમએફ દ્વારા ૭.૨ ટકાના વિકાસ દરનો અંદાજ મુકાયો છે.

### ત્રાસવાદી ઘુસ્યા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. દિલ્હી પોલીસ અને અન્ય રાજ્યોમાં પોલીસને એલર્ટ કરી દેવામાં આવી છે. દિલ્હી પોલીસના તમામ યુનિટોને સાવધાન રહેવા માટે કહેવામાં આવ્યું છે. મેટ્રો સ્ટેશન, રેલવે સ્ટેશન, વિમાની મથક, હોટલો, જાણીતા પ્રવાસી સ્થળો, ભરચક માર્કેટ, ધાર્મિક સ્થળો, સ્ટેડિયમની આસપાસ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી ચુકી છે. વધારાના પોલીસ જવાનો પણ ગોઠવી દેવામાં આવ્યા છે. નિયમિત આધાર પર સઘન સુરક્ષાની સાથે સાથે પેટ્રોલીંગ અને સર્ચ ઓપરેશન હાથ ધરવા માટે પોલીસને સૂચના આપવામાં આવી છે. અગાઉ મે મહિનાની શરૂઆતમાં અમેરિકાની ઈન્ટેલિજન્સ સંસ્થાઓએ ચેતવણી આપી હતી કે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠનો ભારતમાં મોટાપાયે હુમલા કરવાની તૈયારીમાં છે. કેટલાક આતંકવાદીઓ ઘુસણખોરી પણ કરી ગયા છે. સરહદ ઉપર પાકિસ્તાની સેના દ્વારા હાલમાં જ કરવામાં આવેલા સતત ગોળીબારનો લાભ ઉઠાવીને ઘણા આતંકવાદીઓ ઘુસણખોરી કરી ગયા છે. અમેરિકાના સ્પાય માસ્ટરના ડિરેકટરે કહ્યું હતું કે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠનોના ત્રાસવાદી ભારત, અફઘાનિસ્તાનમાં હુમલાને અંજામ આપી શકે છે. પાકિસ્તાને હાલના વર્ષોમાં પરમાણુ શસ્ત્રાગારમાં પણ વધારો કર્યો છે.

### રાહુલને મંજુરી નહીં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમગ્ર વિસ્તારમાં હજુ પણ વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. સહારનપુરમાં થઈ રહેલી હિંસાને લઈને કોંગ્રેસે પ્રદેશ સરકારને જવાબદાર ઠેરવી છે.ઉત્તરપ્રદેશના સહારનપુરમાં બે સમુદાય વચ્ચે હિંસક અથડામણ બાદ સાવચેતીના તમામ પગલાં લવામાં આવી રહ્યા છે. વધારાના સુરક્ષા જવાનો પણ તૈનાત કરવામાં આવ્યા છે. હિંસામાં એક વ્યક્તિનું મોત થઈ ચુક્યું છે. કેટલાક લોકોને ઈજાઓ પણ થઈ છે. બુધવારના દિવસે પણ શહેરના જનકપુરીમાં જનતા રોડ પર એક શખ્સને ગોળી મારી દેવામાં આવી હતી. જ્યારે બીજી બાજુ બડગાંવમાં પણ બે લોકોને બુરખાધારી શખ્સોએ ગોળી મારી દીધી હતી. જોરદાર તંગદિલીને ધ્યાનમાં લઈને સમગ્ર વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે.

### હીટવેવ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પશુ-પંખીઓ આખો દિવસ છાંયડો શોધી ગરમીથી બચવાનો પ્રયાસ કરે છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી એકાદ-બે દિવસ આવી જ રીતે હીટવેવની સ્થિતિ રહેશે. ગરમ લૂ થી બચવા માટે વસાહતીઓને સલાહ આપવામાં આવી છે.

### સેવાના નામે મીંડુ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવાઈ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને બસ સુવિધા મળી રહે તે માટે વિશેષ બસો દોડાવામાં આવી રહી હોવાનો દાવો પણ પોકળ પુરવાર થયો છે. ગાંધીનગર ડેપો પાસે ગ્રામ્ય વિસ્તારનુ સંચાલન નથી. ત્યારે ગાંધીનગર જિલ્લાના ૩૦૦ થી વધુ ગામોમાં લાંબા સમયથી સલામત સવારીએ દર્શન ન થતા હોવાનો આક્રોશ પ્રબળ બની રહયો છે. જિલ્લા વિકાસ વાટીકા પુસ્તિકામાં જિલ્લાના ગામોમાં બારેમાસ એસ ટી બસ સેવા પુરી પાડવામાં આવતી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પરંત વાસ્તવિક સ્થિતિ કાંઈ જુદી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

### સાહિત્ય વૃત્ત

● ૪ પાનાનું ચાલુ...

વધેરે છે. માણસ માટે જો પીડાદાયક હોય તો તે કુટુંબ અને આ કુટુંબની પીડાને કારણે પણ તે હિંસા તરફ વળે છે. માનવ સંસ્કારી બનવા ઘણા પ્રયાસો કરે છે પરંતુ ગમે તે કારણોસર તે બની શકતો નથી. આમ કાવ્યસર્જન એ કોઈ થાગડથિગડ નથી, પરંતુ એક વણથંભી જીવંત પ્રક્રિયા છે. જો કે પદ્ય કરતા ગદ્ય ખૂબ જ અઘરું છે, જે ભલભલાનાં પાણી ઉતારી નાંખે છે કારણ કે તેમાં શબ્દે શબ્દે લય અને તેનો ટ્રક તૈયાર કરવો પડે છે આમ દરેક વાક્યનું સર્જન એ પર્વત તોડવા જેટલું જ અઘરું છે. આમ સજકની સર્જનની પ્રક્રિયામાં જે સાધનો, તપ, આંતરવ્યથા, પીડાના વલોવ્યા પછી વર્ષો પછી જે નવનીત લાધે છે, તે સર્જકની ઉત્તર કૃતિ બની રહે છે.

આ કાર્યક્રમને અંતે આભારદર્શન સંસ્થાના મંત્રી મૂળજીભાઈ પરમાર ‘દધિ’ દ્વારા કરવામાં આવ્યું હતું અને સમગ્ર કાર્યક્રમનું સુપેરે ભાવવાહી સંચાલન સંસ્થાના ટ્રસ્ટી પ્રજ્ઞા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

- muljibhaidadhi@gmail.com